અળસિયાનું જીવન



જ્હોન હિમ્મેલમેન

અળસિયાનું જીવન



જ્હોન હિમ્મેલમેન

અળસિયું


(મમબિકસ ટેરેસ્ટ્રીસ)

અળસિયા એનું અધિકાંશ જીવન જમીનની અંદર વિતાવે છે. એ માટીમાં બોગદા બનાવે છે. એ માટીમાંથી નીકળતા એને ખાય છે. એ મરેલા પાંદડા પણ ખાય છે.


પાંદડા અને માટી ખાધા પછી, અળસિયા એના બોગદાના પ્રવેશ દ્વાર પાસે એનું વિષ્ટા નાના-નાના ઢગલામાં છોડી દેય છે. આ ઢગલાને "કાસ્ટિંગ" કહેવાય છે. કાસ્ટિંગમાં ઘણા પોશક તત્વો હોય છે અને એનાથી છોડને વધવામાં મદદ મળે છે. માટીમાં રહેલા અળસિયાના બોગદામાંથી હવા પસાર થઈ શકે છે, એટલે ખેડૂત અને માળી અળસિયાને મેળવીને ખુશ થાય છે અને એને પોતાના મિત્ર માને છે.

શું તમે ક્યારેય ભારે વર્ષા પછી રસ્તા કે ફૂટપાથ પર અળસિયા જોયા છે? વરસાદમાં એના બોગદામાં પાણી ભરાઈ જાય છે અને એ નવા ઘર શોધવા માટે કોઈ સૂકી જગ્યા શોધી રહ્યા હોય છે.

નર અળસિયા કે માદા અળસિયા જેવું કંઈ હોતું નથી. પ્રત્યેક અળસિયું ઉભયલિંગી (એટલે જેને બંને લિંગ હોય એવું) હોય છે. એ ક્યારેક નર તો ક્યારેક માદા તરીકે કામ કરે છે. બધા અળસિયા ઈંડા મૂકી શકે છે.



એક અળસિયું એનું મોટા ભાગનું જીવન આપણા પગ નીચીને માટીમાં છુપાઈને વિતાવે છે.




વસંતમાં, એક વયસ્ક અળસિયું એના ઈંડાની કોથળી એક ભૂમિગત બોડમાં છોડી દેય છે.



બે મહિના પછી, અળસિયાનું બચ્ચું એના ઇંડામાંથી બહાર નીકળે છે. એ ઈંડાના કોટલામાંથી સરકીને બહાર નીકળે છે.



યુવાન અળસિયું, માટીમાં બોગદું બનાવે છે.



રાતના સમયે એ મરેલા પાંદડા ખાય છે.




ક્યારેક અળસિયા માટી પણ ખાય છે.




માટી, અળસિયાના શરીરમાં થઈને નીકળે છે. એ નાના ગોળ બોલના ઢગલાના રૂપે વિષ્ટા તરીકે બહાર નીકળે છે. એને "કાસ્ટિંગ" કહેવાય છે.




પાનખર આવે ત્યાં સુધીમાં અળસિયું લગભગ પૂર્ણ વિકસિત થઈ જાય છે.




એ મરેલી વનસ્પતિને એના બોગદામાં ખેંચી જાય છે.




અળસિયા શિયાળા સુધી વનસ્પતિ ખાય છે. ત્યાર પછી સૂવાનો સમય આવી જાય છે.




વસંતનો વરસાદ, અળસિયાને ફરી સપાટી પર લાવે છે.




જયારે ભૂખ્યો છછૂંદર અળસિયાના બોગદા પાસે આવે છે, તો અળસિયું જલ્દીથી સંતાઈ જાય છે.




અળસિયું સાથીની શોધ માટે નીકળે છે.




એને એનો સાથી બાજુના બોગદામાં જ મળી જાય છે.



થોડા સમયમાં, અળસિયાના શરીરનો એક ભાગ ઈંડાને લીધે ફૂલી જાય છે.



ઈંડાથી ભરેલું કડું ઢીલું થઈ જાય છે. અળસિયું એમાંથી બહાર નીકળે છે.



એ કડું ઈંડાની કોથળી બની જાય છે. અળસિયું એને પાછળ છોડી દેય છે.



જયારે અળસિયું જમીનની ઉપરની સપાટી પર આવે
છે, તો એક રોબિન પક્ષી એને પકડી લેય છે!




પણ રોબિન પક્ષીને અળસિયાને એના બોગદામાંથી બહાર ખેંચવા માટે
ઘણો સંઘર્ષ કરવો પડે છે.



પણ અળસિયું પણ ઘણું બળવાન હોય છે. અંતે રોબિન એને છોડી દે છે.



એક ઉનાળાની રાતે આકાશમાંથી ભારે વરસાદ પડે છે.



સવાર થતા-થતા અળસિયાના બોગદામાં પાણી ભરાઈ જાય છે.



એ સૂકી જગ્યાની શોધ કરે છે. પણ એ એક બાસ્કેટબોલના મેદાનમાં ફસાઈ જાય છે.




એક નાનો છોકરો અળસિયાને ઉઠાવે છે.



અને એ એને બગીચામાં મૂકી દે છે.



અળસિયું ઉનાળાના બાકી દિવસ મૂળિયાંની વચ્ચે બોગદું બનાવવા અને માટી ખાવામાં વિતાવે છે.



જયારે શિયાળો ફરી આવે છે, ત્યારે અળસિયું ફરી માટીની અંદર જઈને સૂઈ જાય છે.



વસંત ઋતુમાં, અળસિયું એની એક નવી યાત્રા શરુ કરે છે.

સમાપ્ત